આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫ | ૨૬ માર્ચ, ૨૦૧૩, મંગળવાર; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



સંતાપની સગડી વચ્ચે પણ અદ્દભૂત ટાઢક આપે એવું ઔષધ એટલે હાસ્ય
- નિત્સે

# ગાંધીનગરમાં ૩૦ લાખની લાંચ લેતા આઈટી અધિકારી ઝડપાયા

## ગાંધીનગર ઈન્કમટેક્ષ ઓફિસમાં એડીશનલ ઈન્કમટેક્ષ કમિશનર ચંદ્રપ્રકાશ ભારતી સ્કૂટીનીમાં સેટલમેન્ટ માટે ૩૦ લાખ રૂપિયાની લાંચ લેતા સીબીઆઈના હાથે ઝડપાઈ ગયા હતા : મોડીરાત સુધી ઉદ્યોગભવન અને સીબીઆઈ કચેરીમાં તપાસનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈન્કમટેક્ષના એક ઉચ્ચ અધિકારી આજે સાંજે રૂ. ૩૦ લાખની લાંચ લેતા છટકામાં સી.બી.આઈ.ના હસ્તે આબાદ રીતે ઝડપાઈ જવા પામ્યા છે. આ અંગેની તપાસ આ લખાય છે ત્યાં સુધી ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૯૯૪ની બેચના સી.એસ. ભારતી નામના એડિશનલ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ આ કેસમાં સી.બી.આઈ.ના હસ્તે પકડાઈ જવા પામ્યા છે.

એક બિલ્ડર જૂથ પાસે ઈન્કમટેક્ષ રિટર્નની સ્કુટીની અને એસેસમેન્ટ માટે રૂ. ૩૦ લાખની લાંચની માંગણી કરી હતી. આ અધિકારીએ આ રકમ અમદાવાદના એક વચેટિયાને આપવા માટે સૂચવ્યું હતું.

આ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા અમદાવાદ ખાતે ચુકવણી કર્યા બાદ આજે સાંજે એસસમેન્ટ ઓર્ડર લેવા આવ્યા હતા અને તે દરમ્યાન પૈસાની ખરાઈ બાદ તે મળી ગયાનું જણાતાં તરત જ સીબીઆઈએ તેમની અટક કરી અને તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે સી.બી.આઈ.ની ટીમે આજે મોડી સાંજ સુધી આ તપાસ ચાલુ રાખી છે.

ગાંધીનગરમાંથી આ અગાઉ જિલ્લાના બે અધિકારીઓ એસીબીના હાથે લાંચ લેતા ઝડપાયા હતા અને આ જ મહિનામાં આ ત્રીજુ લાંચ પ્રકરણ બહાર આવવા પામ્યુ છે.

ઈન્કમટેક્ષના અધિકારી આ કેસમાં પકડાયાની વાત વાયુવેગે ગાંધીનગરમાં પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે આ અધિકારી થોડા સમય પૂર્વે જ બદલી પામીને ગાંધીનગર આવ્યા છે અને આટલી મોટી રકમની લાંચ લેતાં પકડાઈ જવા પામ્યા છે.

આ ફરિયાદને આધારે સીબીઆઈની ટીમે આજે તપાસ હાથ ધરી છે. આ ફરિયાદ ગાંધીનગરની જ એક કન્સ્ટ્રક્શન કંપનીએ કરી હતી જેને આધારે અધિકારીઓએ છટકુ ગોઠવી અને પકડી પાડ્યા છે. મોડી સાંજ સુધી આ તપાસ ચાલુ રહી હતી. અધિકારી પકડાયાનું સીબીઆઈના સત્તાવાર સૂત્રોએ સમર્થન આપ્યું છે.

ગાંધીનગરમાં મોડીસાંજે દરોડાની વિગતો પ્રસરતા ટોક ઓફ ધ ટાઉનનો વિષય બદલાઈ ગયો હતો. નગરના વેપારીઓ અને બિલ્ડરો તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કચેરીઓમાં આ સંદર્ભે તરહ તરહની ચર્ચાઓ સંભળાતી હતી. છેલ્લા કેટલાક વખતથી ચંદ્રપ્રકાશ ભારતીના વર્તન અંગે વેપારી આલમમાં અસંતોષની લાગણી વર્તાતી હતી.

નગરના ઉદ્યોગપતિઓ પણ અધિકારીના વર્તન અને વલણથી નારાજ હોવાની બહાર આવવા પામી હતી. જોકે, સત્તાવાર રીતે કોઈ કંઈ બોલવા તૈયાર નથી.




તિલક હોળી રમીએ
પાણી બચાવીએ....

# લોકાયુક્તની સાથે ઉપલોકાયુક્તની નિમણુંકની પણ વિધેયકમાં જોગવાઈ

## નવા આયોગમાં પસંદગીની સત્તા માત્ર સરકારે બનાવેલી સમિતિની રહેશે : નવી જોગવાઈમાં જસ્ટીસ આર. એ. મહેતાનો છેદ ઉડી જશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં લોકાયુક્ત એક્ટ-૧૯૮૬, હવે લોકાયુક્ત આયોગમાં ફેરવવામાં આવી રહ્યો છે જેમાં મુખ્ય લોકાયુક્ત ઉપરાંત બીજા ઉપ લોકાયુક્ત પણ હશે. વિધાનસભા સત્રના અંતિમ દિવસોમાં આ વિધેયક મંજૂર થશે ત્યારબાદ તેને રાજયપાલ સમક્ષ પેશ કરવામાં આવશે.

આ વિધેયકમાં લોકાયુક્તની પસંદગી કરવાની લગભગ તમામ સત્તા સરકાર એટલે કે મુખ્યમંત્રી પાસે રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે. રાજયપાલ અને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને અગાઉ કાયદામાં જે અગ્રતા આપવામાં આવી હતી તેના ઉપર સંપૂર્ણપણે કાપ મૂકી દેવામાં આવ્યો છે. નવી રચાનાર પસંદગી સમિતિમાં પણ સરકારના નિર્ણયને બહુમતી મળે એવી જોગવાઈ કરવામાં આવી છે.

સાથેસાથે એક લોકાયુક્ત અને ચારથી વધુ નહીં એટલા ઉપલોકાયુક્તની નિમણૂક કરવાની પણ જોગવાઈ સૂચવવામાં આવી છે. વિધાનસભામાં બજેટ સેસનના છેલ્લા દિવસમાં આ વિધેયક રજૂ થાય ત્યારે દેખીતી રીતે તેના પર ભારે ધાંધલ-ધમાલ મચી જવાની પૂરેપૂરી શક્યતા છે.

ગુજરાતના રાજયપાલ ડો. કમલા બેનીવાલે લોકાયુક્ત પદે નિમેલા જસ્ટિસ આર. એ. મહેતાની નિમણૂકના મામલે છેલ્લાં બે વર્ષથી કાનૂની જંગ ચાલે છે. સરકારે રિવ્યુ પિટિશનમાં પણ હારી ગયા બાદ ક્યુરેટિવ પિટિશન દાખલ કરી છે. તેનો હજુ નિર્ણય આવ્યો નથી. દરમ્યાન, જે મૂળભૂત બાબત લઈને છેક સૂપ્રીમ કોર્ટ સુધી ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર





# ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા

જિલ્લો : બનાસકાંઠા ● ફોન નં. ૨૨૨૦૩૮ / ૨૨૨૪૩૩

ખુલ્લી હરાજી... સાચો તોલ... રોકડાં નાણાં

## ખેડૂત ભાઈઓ પોતાની ખેત ઉત્પન્નનો માલ બજાર સમિતિ, ધાનેરામાં વેચવાનો આગ્રહ રાખો.

- મુખ્યયાર્ડ ધાનેરા / સબયાર્ડ, ધાનેરા / પશુ સબયાર્ડ, સામરવાડા
- રાયડો, એરંડા, ખાધાજીરું તથા ઈસબગુલ માટેનું ઉત્તર ગુજરાતનું અગ્રેસર પીઠું
- ખેડૂતોને રૂ. ૫૦,૦૦૦/- અને ખેત મજૂરોને રૂ. ૨૫,૦૦૦/- આકસ્મિક મૃત્યુ સહાયનું ધોરણ નકકી કરી કુલે રૂ. ૪૫.૦૪ લાખની સહાય.
- તાલુકાના ગામોમાં ચેક ડેમઅને ખેત તલાવડી માટે રૂ. ૧૧૩.૬૭ લાખનું યોગદાન
- શૈક્ષણિક હેતુ માટે રૂ. ૭૧.૩૭ લાખનું યોગદાન.
- પ્રાકૃતિક મુશ્કેલી અને ગૌશાળાને ઘાસચારા માટે રૂ. ૩૭.૫૦ લાખનું યોગદાન.
- સમગ્ર તાલુકાના ૮૦ ગામોમાં પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે કિચનશેડ બનાવેલ અને સ્ટીલની ડીશો માટે રૂ. ૮,૬૦,૦૦૦/- ચુકવેલ.
- યાર્ડમાં ખેડૂતો માટે ખેડૂત વિશ્રામગૃહ.
- ખેડૂતો માટે ભોજનાલયની વ્યવસ્થા.
- નગરપાલિકા ધાનેરાને રૂ. ૧૧,૦૦,૦૦૦/-નું ફાયર ફાઈટર અનુદાનમાં આપેલ.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી આંજણા હરજીવનભાઈ હીરાભાઈ - ચેરમેન
શ્રી આકોલીયા મોહનભાઈ ઉકાભાઈ - વા. ચેરમેન
શ્રી આંજણા ઈશ્વરભાઈ ગણેશભાઈ
શ્રી આંજણા ભુરાભાઈ નથાભાઈ
શ્રી પટેલ નરેશભાઈ નથીભાઈ
શ્રી ઠક્કર મુકેશભાઈ પ્રાગજીભાઈ
શ્રી વાઘેલા માનસિંહ ભીખજી
શ્રી સુથાર પુનમચંદ પ્રભાજી
શ્રી ઉમાભાઈ એન. પટેલ - સેક્રેટરી

શ્રી કણબી કરશનભાઈ હેમરાજભાઈ
શ્રી કણબી રાવતાભાઈ જોધાભાઈ
શ્રી આલ જેરાભાઈ રામસીભાઈ
શ્રી કણબી શંકરભાઈ પ્રેમાભાઈ
શ્રી આકોલીયા જોઈતાભાઈ હીરાભાઈ
શ્રી શામળાભાઈ રાજાભાઈ પટેલ
શ્રી વિરભાણભાઈ રૂડાભાઈ પટેલ
શ્રી જિલ્લા રજીસ્ટ્રારશ્રી સ.મં. પાલનપુર
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પાલનપુર